Commissionerate of Technical Education, Gujarat State

કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય

છઠ્ઠા માળે, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
( : (079) 23253546

6th Floor, Block No. 2, Karmayogi Bhavan, Sector 10-A,
Gandhinagar–382010
FAX : (079) 23253539

URL : https://dte.gujarat.gov.in | e-mail : dire-dte@gujarat.gov.in, dteguj@gujarat.gov.in

ક્રમાંક: સીટીઈ/ભયજનક/ભવનો/વપરાશ/બંધ/૨૦૨૪-૨૫/છ(આ)/ તા:

પ્રતિ,
તાબા હેઠળની તમામ સરકારી ઈજનેરી/પોલીટેકનીક/ફાર્મસી/એમ.સી.એ કોલેજો તથા સરકારી ટેકનીકલ હાઈસ્કુલનાં આચાર્યશ્રીઓ

વિષય: અત્રેની કચેરીના તાબા હેઠળની તમામ સરકારી ઈજનેરી/પોલીટેકનીક/ફાર્મસી/ એમ.સી.એ કોલેજો તથા સરકારી ટેકનીકલ હાઈસ્કુલ હેઠળના વપરાશ માટે ભયજનક જાહેર કરવામાં આવેલ ભવનોનો વપરાશ તાત્કાલિક ધોરણે બંધ કરવા બાબત

શ્રીમાન,

રાજ્યના માર્ગ અને મકાન વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગની સ્થાનિક કચેરીઓ દ્વારા સરકારી કચેરીઓ તેમજ કચેરી હેઠળના વિવિધ ભવનોને વપરાશ માટે ભયજનક જાહેર કરવામાં આવતા હોય છે. જે અન્વયે આપની સંસ્થાનાં ભવનો તથા સંસ્થા હેઠળના સ્ટાફ ક્વાટર્સ, હોસ્ટેલ, વર્કશોપ તેમજ અન્ય બાંધકામો જો રાજ્યના માર્ગ અને મકાન વિભાગ, માર્ગ અને મકાન વિભાગની સ્થાનિક કચેરીઓ તથા અન્ય સક્ષમ સત્તા સ્તરેથી વપરાશ માટે ભયજનક જાહેર કરવામાં આવેલ હોય તો તેનો વપરાશ તાત્કાલીક અસરથી બંધ કરવા આથી જણાવવામાં આવે છે. વધુમાં વપરાશ માટે ભયજનક જાહેર કરવામાં આવેલ આપની સંસ્થા હેઠળના ભવનો તથા સંસ્થા હેઠળના સ્ટાફ ક્વાટર્સ, હોસ્ટેલ, વર્કશોપ તેમજ અન્ય બાંધકામોનો વપરાશ ચાલુ રહે તેવા સંજોગોમાં઼ જો કોઈ અનિચ્છનીય ઘટના બનવા પામે તો તેની સંપુર્ણ જવાબદારી સંસ્થાના વડાશ્રીની રહેશે.

સંયુક્ત નિયામક
ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર

Signature Not Verified

Signed by: Dr. K. P. Modi
Joint Director
Date:2024.05.31
17:21:33 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign